દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩ ૧૬૪ વર્ષ

રવિવાર ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬

# બિહારમાં સરકાર કોઇ પણ હોય મહિલા પરના અત્યાચાર ઘટતા નથી જે ગંભીર બાબત

છેલ્લા ચાર દિવસમાં સમસ્તીપુર જિલ્લામાં યુવતીઓ સાથે ગેરવર્તન સંબંધિત ત્રણ વીડિયો સામે આવી ચૂક્યા છે. પહેલો વીડિયો કર્પૂરીગ્રામ પોલીસ મથક વિસ્તારથી વાયરલ થયો હતો. આ વીડિયો બુઢી ગંડક નદીના બાયપાસ બંધનો હોવાનું કહેવાયું હતું. વાયરલ વીડિયોમાં કિશોરી સાથે ગેરવર્તન કરનારા અને તેને ત્યાંથી જતી રોકનારા આરોપીઓને જોઈ શકાયા હતા. ઘટના 15 સપ્ટેમ્બરની છે. સમસ્તીપુર પોલીસને તેની જાણકારી 23 સપ્ટેમ્બરની રાત્રે લગભગ સાડા 10 વાગ્યે મળી. ત્યારબાદ પોલીસે કર્પૂરી ગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારની અનેક જગ્યાએ દરોડા પાડ્યા હતા અને 4 લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેના 24 કલાક બાદ મુસરીઘરારી પોલીસ સ્ટેશન વિસ્તારનો બીજો વીડિયો સામે આવ્યો. 52 સેકન્ડના વીડિયોમાં 8-10 લોકો સ્કૂટી પર જઈ રહેલા યુવક-યુવતીને રોકીને ઘેરી લે છે. તેઓ તેમની પૂછપરછ કરવા લાગે છે. છોકરી હાથ જોડીને કહે છે, અમને જવા દો, આ મારા ભાઈનો મિત્ર છે, મારા ભાઈ જેવો છે. યુવતી જોરજોરથી રડતી જોવા મળી રહી છે. તે જ સમયે આરોપી તેને ધમકાવતા કહે છે, તમારો વીડિયો તો અમે વાયરલ કરીશું. પહેલાં તમે બંનેનાં લગ્ન કરાવીશું, પછી વાલીને બોલાવીશું. આ મામલે પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ વીડિયો લગભગ દોઢ વર્ષ જૂનો છે. આ પહેલા જમુઇમાં પણ આવી ઘટના પ્રકાશમાં આવી છે જેના આરોપી સાથે પોલીસનું એનકાઉન્ટર થયું હતું અને આરોપીઓના ગેરકાયદે મકાનો પણ તોડી પાડવામાં આવ્યા હતા. હવે બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી જ્યારે પીડિતાના ઘરે ગયા ત્યારે બિહારના સીએમઓના સોશિયલ મીડિયા હેન્ડલ પર પીડિતાની માતાપિતાની ઓળખ જાહેર કરી દેવામાં આવતા મીશા યાદવે મુખ્યમંત્રી સામે એફઆઇઆરની માંગ કરતાં પોલીસે મુખ્યમંત્રી કાર્યાલયના કર્મચારી સામે ગુનો દાખલ કરવો પડ્યો છે અને આ મુદ્દે રાજકારણ પણ ગરમાઇ ગયુ છે.

ભારતીય સમાજમાં નારીને સન્માનજનક સ્થાન આપવામાં આવ્યું છે, પરંતુ વર્તમાન સમયમાં મહિલાઓ સામે વધી રહેલા ગુનાઓ એક ગંભીર ચિંતાનો વિષય બન્યા છે. બિહાર જેવા રાજકીય અને સામાજિક રીતે સંવેદનશીલ રાજ્યમાં જમુઈ, સમસ્તીપુર અને બાંકા જેવા જિલ્લાઓમાં યુવતીઓ તથા મહિલાઓ સામેના ગુનાહિત બનાવો અવારનવાર પ્રકાશમાં આવતા રહે છે. ગરીબી, અજ્ઞાનતા, પિતૃસત્તાત્મક માનસિકતા અને કાયદાના અમલીકરણમાં આવતી ખામીઓને કારણે આ વિસ્તારોમાં મહિલાઓની સુરક્ષા પર પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું થયું છે.

નક્સલ પ્રભાવિત અને પછાત વિસ્તાર ગણાતા જમુઈ જિલ્લામાં ગ્રામીણ અને આદિવાસી ક્ષેત્રોની યુવતીઓ વધુ અસુરક્ષિત છે. અહીં માનવ તસ્કરી (Human Trafficking), બળજબરીથી લગ્ન, ઘરેલુ હિંસા અને યૌન શોષણના કિસ્સાઓ અવારનવાર બને છે. દૂરદૂરના વિસ્તારોમાં પોલીસ પહોંચી ન શકવાને કારણે ઘણા બનાવો નોંધાતા પણ નથી. સમસ્તીપુર જિલ્લો વસ્તીની દ્રષ્ટિએ ઘણો ગીચ છે. અહીં દહેજ ઉત્પીડન, દહેજ મૃત્યુ (Dowry Deaths), છેડતી અને સાયબર ક્રાઈમના બનાવોમાં વધારો જોવા મળ્યો છે. શિક્ષણનો વ્યાપ હોવા છતાં સામાજિક કુરિવાજો અને દહેજ પ્રથાને લીધે યુવતીઓને શારીરિક અને માનસિક યાતનાઓ ભોગવવી પડે છે. બાંકા જિલ્લો ઝારખંડની સરહદને અડીને આવેલો છે. અહીં પણ સામાજિક-આર્થિક પછાતપણાને કારણે નાની વયે લગ્ન (બાળ લગ્ન) અને મહિલાઓ પર થતા અત્યાચારો વધારે જોવા મળે છે. રોજગારીની શોધમાં બહાર જતા પરિવારની યુવતીઓ અને સગીરાઓ શારીરિક શોષણ તેમજ તસ્કરીનો ભોગ બનવાનું જોખમ વધુ રહે છે. ગરીબીનો લાભ ઉઠાવીને આ વિસ્તારોમાંથી યુવતીઓને સારા કામની લાલચ આપી અન્ય રાજ્યોમાં વેચી દેવામાં આવે છે. પિતૃસત્તાત્મક સોસાયટી, ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણનો અભાવ અને પોલીસ ફરિયાદ કરવા પર સામાજિક બહિષ્કારનો ડર ગુનાઓને પ્રોત્સાહન આપે છે. મહિલાઓ પર થતા અત્યાચારો સામે રક્ષણ આપવા માટે ભારતીય કાયદામાં અને બિહાર સરકાર દ્વારા વિવિધ કાનૂની જોગવાઈઓ કરવામાં આવી છે. ભારતીય ન્યાય સંહિતા અગાઉની ભારતીય દંડ સંહિતા (IPC) ની જગ્યાએ આવેલી નવી સંહિતા હેઠળ મહિલાઓ સામેના ગુનાઓ (જેમ કે બળાત્કાર, છેડતી, દહેજ મૃત્યુ) માટે વધુ સખત સજા અને ઝડપી કેસ ચલાવવાની જોગવાઈ છે. સગીર વયની બાળકીઓ પર થતા યૌન શોષણ સામે આ કાયદા હેઠળ કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે છે અને સ્પેશિયલ કોર્ટની રચના કરવામાં આવી છે. ઘરેલુ હિંસા સામે મહિલા રક્ષણ અધિનિયમ (૨૦૦૫): આ કાયદા હેઠળ મહિલાઓને ઘરની અંદર થતી શારીરિક, માનસિક કે આર્થિક હિંસા સામે ત્વરિત કાનૂની સહાય અને આશ્રય મેળવવાનો અધિકાર છે.

બિહાર સરકારે મહિલાઓ માટે ૧૧૨ (ઇમરજન્સી હેલ્પલાઇન) અને ૧૮૧ (મહિલા હેલ્પલાઇન) શરૂ કરી છે. આ ઉપરાંત, જમુઈ, સમસ્તીપુર અને બાંકા સહિત દરેક જિલ્લા મથકે 'મહિલા થાણા' (મહિલા પોલીસ સ્ટેશન) સ્થાપિત કરવામાં આવ્યા છે જેથી પીડિતા નિ:સંકોચ પોતાની ફરિયાદ નોંધાવી શકે. કાનૂની જોગવાઈઓ હોવા છતાં, વાસ્તવિક સ્થિતિમાં કેટલીક મોટી ખામીઓ જોવા મળે છે. પોલીસ વિભાગમાં સ્ટાફની અછત અને યોગ્ય તપાસ સાધનોના અભાવે ચાર્જશીટ દાખલ કરવામાં વિલંબ થાય છે. આરોપીઓ દ્વારા ધાક-ધમકી કે સામાજિક દબાણના કારણે સાક્ષીઓ કોર્ટમાં નિવેદન બદલી નાખે છે. ગ્રામીણ વિસ્તારોની મહિલાઓ પોતાના કાનૂની અધિકારોથી અજ્ઞાન હોય છે, જેથી તેઓ અત્યાચાર સહન કરતી રહે છે.

## ફકીરનું નૃત્ય

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક આદિવાસી ગામમાં એક ફકીર ગામના પાદરે ઝાડ નીચે બેસતો અને ચુપચાપ બંદગી કરતો રહેતો.એક વખત ગામમાં વરસાદ મોડો થયો...ચોમાસું શરૂ થયું. બે મહિના વીતી ગયા પણ વરસાદ ન આવ્યો, ખેડૂતો મૂંઝાયા ,દુકાળ જેવી પરિસ્થિતિ નિર્માણ થઈ. બધા કોઈ ને કોઈ બાધા, માનતા, પૂજા, યજ્ઞ રાખવા લાગ્યાં. પેલો ફકીર ઊભો થઈને નાચવા લાગ્યો અને સતત હાથ આકાશ તરફ ફેલાવીને નાચતો રહ્યો.... નાચતો રહ્યો અને કલાકો વીત્યા તે અટક્યો નહિ ...અને ત્યારે વરસાદ વરસ્યો તેમાં ભીંજાઈને નૃત્ય કર્યા બાદ ફકીર અટક્યો.તે દિવસ તેનું નામ વરસાદ લાવવાવાળા બાબા પડી ગયું.

ત્યારથી જયારે વરસાદ લંબાય ત્યારે ગામલોકો તે ફકીરને બોલાવતા અને ફકીર નૃત્ય કરતો અને અચૂક વરસાદ આવતો... ગામમાં રહેતા અમુક યુવાનો ભણી ગણીને આગળ વધ્યા અને વિજ્ઞાન ભણ્યા પછી તેમને આ વરસાદ લાવવાવાળા બાબાની આખી વાત એક તૂત લાગવા માંડી. તેમણે બધાને કહ્યું કે આ ફકીર એક તૂત કરે છે અને ખોટો ભ્રમ ફેલાવે છે.

બન્યું એવું કે ત્યારે પણ વરસાદને આવવામાં મોડું થયું હતું એટલે ગામલોકોએ સરદારને કહ્યું, 'વરસાદ લાવવાવાળા બાબા ફકીરને નૃત્ય કરવા બોલાવો. તે નાચશે પછી જ વરસાદ આવશે.' પેલા યુવાનોએ કહ્યું, 'વરસાદ આવવાનું વૈજ્ઞાનિક કારણ હોય એમ કંઈ કોઈના નાચવાથી વરસાદ ન આવે. સમજ્યા અને એવું હોય તો અમે પણ નાચીશું. જોઈએ વરસાદ આવે છે કે નહિ.'

બધાએ તેમની વાત સ્વીકારી, ફકીરને બોલાવ્યો....યુવાનોએ કહ્યું, 'અમે પહેલાં નાચીશું..' ફકીરે કહ્યું, 'બધા સાથે નાચીએ ...' યુવાનોએ ના પાડી, ફકીરે કહ્યું, 'ઠીક છે. પહેલાં તમે નાચી લો. પછી મને કહેજો...'

યુવાનોએ નાચવાનું શરૂ કર્યું અને કલાકમાં તેઓ થાકી ગયા અને વરસાદ તો ન જ આવ્યો.... યુવાનોએ ફકીરને કહ્યું, 'હવે તમે નાચો...' ફકીરે આકાશ તરફ હાથ ઊંચા કરી પ્રાર્થના કરી અને નાચવાનું શરૂ કર્યું અને તે કલાકો સુધી નાચતો રહ્યો ... સતત... અટક્યા વિના નાચતો રહ્યો અને વરસાદ વરસ્યો ....બધા ખુશ થયા ... યુવાનો સ્તબ્ધ થઈ ગયા.તેમણે ફકીર પાસે જઈને કહ્યું, 'બાબા, તમે એવું તે શું કરો છો ?? કે નાચો છો અને વરસાદ આવે છે!!' ફકીર હસ્યો અને બોલ્યો, 'હું કંઈ નથી કરતો.... બસ વરસાદ આવે તેની પ્રાર્થના કરી વરસાદ આવે ત્યાં સુધી નાચતો રહું છું.તમે વરસાદ આવે તે માટે નાચ્યા પણ હું વરસાદ આવે ત્યાં સુધી નાચ્યો. બસ આટલો જ ફરક છે.' ફકીરે એક વાક્યમાં ઊંડી સમજ આપતી વાત કરી... જીવનમાં આપણે કોઈ કામ કરવા, સફળતા મેળવવા પ્રયત્નો શરૂ કરીએ છીએ પણ થોડા વખતમાં સારાં પરિણામ ન આવે તો થાકી જઈએ છીએ , હારી જઈએ છીએ, અટકી જઈએ છીએ. હકીકતમાં સફળતા ન મળે ત્યાં સુધી અટક્યા વિના મહેનત કરતા રહેવું જોઈએ. મંઝીલ ન મળે ત્યાં સુધી સતત અટક્યા વિના પ્રયત્નો કરવા જરૂરી છે.

# ટ્રમ્પની અસ્પષ્ટ નીતિને કારણે તાઈવાન મુદ્દે ચીનને લાભ મળશે?



**વર્લ્ડ વૉચ**

**ડૉ. જયનારાયણ વ્યાસ**

**ટ્રમ્પની 'અમેરિકા ફર્સ્ટ' નીતિ અને ચીન સાથે સોદા કરવાની તેમની વૃત્તિ શું ચીનને તાઈવાન મુદ્દે વધુ સમય અને વ્યૂહાત્મક અવકાશ આપી શકે છે?**

તાઈવાનનો પ્રશ્ન માત્ર ચીન અને તાઈવાન વચ્ચેનો પ્રાદેશિક વિવાદ નથી. તે એશિયાની સુરક્ષા, વૈશ્વિક વેપાર, સેમિકન્ડક્ટર ઉદ્યોગ અને અમેરિકા-ચીન વચ્ચેના શક્તિસંતુલન સાથે સીધો જોડાયેલો છે.

તેથી અમેરિકાની તાઈવાન નીતિમાં આવતી નાની નીતિગત અસ્પષ્ટતા પણ બેઈજિંગ, તાઈપેઈ અને અમેરિકાના સાથી દેશો માટે મહત્ત્વ ધરાવે છે.

હાલના સંજોગોમાં સૌથી મોટો સવાલ એ છે કે ટ્રમ્પની 'અમેરિકા ફર્સ્ટ' નીતિ અને ચીન સાથે સોદા કરવાની તેમની વૃત્તિ શું ચીનને તાઈવાન મુદ્દે વધુ સમય અને વ્યૂહાત્મક અવકાશ આપી શકે છે?

સપ્ટેમ્બર ૨૦૨૬ના અહેવાલો દર્શાવે છે કે ટ્રમ્પે તાઈવાનને મળનારાં હથિયારોને વાટાઘાટોમાં 'નેગોશીએટીંગ ચિપ' તરીકે ગણાવ્યાં છે અને આશરે ૧૪ અબજ ડોલરનાં નવાં હથિયાર પેકેજ અંગે નિર્ણય અટકેલો છે. બીજી તરફ, ૨૦૨૬માં અગાઉ ટ્રમ્પ પ્રશાસને તાઈવાન માટે આશરે ૧૧ અબજ ડોલરનું મોટું હથિયાર પેકેજ મંજૂર કર્યું હતું.

એટલે અમેરિકાની નીતિને સીધી રીતે ચીનતરફી કહેવી યોગ્ય નહીં બને; પરંતુ તેની અનિશ્ચિતતા ચોક્કસપણે ચર્ચાનો વિષય છે.

ચીન છેલ્લાં કેટલાંક વર્ષોથી તાઈવાન સામે સતત લશ્કરી અને દરિયાઈ દબાણ વધારી રહ્યું છે. ૨૦૨૫માં ચીની સૈન્યે તાઈવાનની આસપાસ વિક્રમજનક સ્તરની હવાઈ અને દરિયાઈ પ્રવૃત્તિ કરી હતી. CSISના વિશ્લેષણ મુજબ, ૨૦૨૫માં ચીની વિમાનોની તાઈવાનના હવાઈ સુરક્ષા ક્ષેત્રમાં ૩૭૬૪ ઘૂસણખોરી નોંધાઈ હતી, જે ૨૦૨૪ કરતાં ૨૨.૪ ટકા વધુ હતી. આ ઉપરાંત ચીને મોટા સૈન્ય અભ્યાસો પણ કર્યા હતા.

પરંતુ તેનો અર્થ એ નથી કે ચીન આવતી કાલે જ તાઈવાન પર હુમલો કરશે. વાસ્તવમાં સૈન્ય કાર્યવાહી ચીન માટે પણ અત્યંત જોખમી અને ખર્ચાળ બની શકે છે.

તાઈવાનની આસપાસ નાકાબંધી જેવી કાર્યવાહી પણ મોટા પાયે આર્થિક અને લશ્કરી સંઘર્ષમાં ફેરવાઈ શકે છે. તેથી ચીન માટે યુદ્ધ કરતાં ધીમે ધીમે દબાણ વધારવું, તાઈવાનને થકવવું અને અમેરિકાની પ્રતિબદ્ધતાની કસોટી કરવી પણ મહત્ત્વપૂર્ણ વ્યૂહરચના બની શકે છે. અહીં અમેરિકાની વ્યાપક વિદેશ નીતિ પણ મહત્ત્વની બને છે. ટ્રમ્પ પ્રશાસને અમેરિકાની વિદેશી સહાયની નીતિમાં મોટો ઘટાડો કર્યો છે અને USAIDને બંધ કરીને સહાયને વધુ મર્યાદિત તથા અમેરિકન હિતો સાથે જોડાયેલા માળખામાં ફેરવવાનો પ્રયાસ કર્યો છે, જેના કારણે અમેરિકાના પરંપરાગત 'સોફ્ટ પાવર'માં ઘટાડો થવાની ચિંતા વ્યક્ત થઈ છે. આનો તાઈવાન સાથે પરોક્ષ સંબંધ છે. જો અમેરિકા લોકશાહી, માનવાધિકાર, સ્વતંત્ર મીડિયા અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં પોતાની ભૂમિકા ઘટાડે, તો ચીનને પોતાની રાજકીય વ્યવસ્થા અને વૈકલ્પિક વૈશ્વિક દૃષ્ટિકોણ રજૂ કરવા માટે વધુ જગ્યા મળી શકે છે. પરંતુ આ અસરને સીધી રીતે તાઈવાન પર ચીનના હુમલા સાથે જોડવી યોગ્ય નહીં બને.

બીજી તરફ, તાઈવાન પણ પોતાની સુરક્ષા ક્ષમતા વધારી રહ્યું છે. સપ્ટેમ્બર ૨૦૨૬માં તાઈવાન સરકારે વધારાના આશરે ૪.૬ અબજ ડોલરના સંરક્ષણ ખર્ચની દરખાસ્ત કરી હતી, જેમાં ડ્રોન, મિસાઈલ અને દરિયાઈ સુરક્ષા જેવી ક્ષમતાઓનો સમાવેશ થાય છે.

અંતે સવાલ માત્ર એટલો નથી કે ચીન તાઈવાન પર હુમલો કરશે કે નહીં. મોટો સવાલ એ છે કે અમેરિકા તાઈવાનની સુરક્ષા અંગે કેટલી સ્પષ્ટ અને મજબૂત નીતિ રાખશે.

જો ચીનને એવું લાગશે કે અમેરિકાનો વિરોધ નબળો અથવા અનિશ્ચિત છે, તો તેને તાઈવાન પર દબાણ વધારવાની વધુ તક મળી શકે છે.

ટ્રમ્પ-જિનપિંગ સંબંધોમાં વેપાર, ટેકનોલોજી, કૃત્રિમ બુદ્ધિ અને અન્ય મુદ્દાઓ મહત્ત્વપૂર્ણ છે. પરંતુ તાઈવાન એવો મુદ્દો છે જ્યાં એક નાનો નીતિગત સંકેત પણ મોટા વ્યૂહાત્મક અર્થ પેદા કરી શકે છે.

ચીનને હુમલા માટે તક મળી ગઈ છે એવું કહેવું અત્યારે વહેલું છે; પરંતુ અમેરિકાની નીતિમાં જો લાંબા ગાળાની સ્પષ્ટતા અને વિશ્વસનીયતા ઘટે, તો ચીનને તાઈવાન પર રાજકીય, આર્થિક અને સૈન્ય દબાણ વધારવા માટે વધુ સમય અને અવકાશ મળી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# અન્ન બગાડ VS ભૂખમરો: એક વૈશ્વિક સમસ્યા

**વિનોદ પટેલ**

**સ્વાર્થ અને શોષણના પાયા પર રચાયેલા આપણા સમાજે હવે સમજદારીપૂર્વક, સહાનુભૂતિપૂર્વક વર્તવું પડશે, સર્વગ્રાહી ડહાપણ વિકસાવવું પડશે**

28 જૂન-2026ના 'ગુજરાતમિત્ર' દૈનિકના છેલ્લા પાના પર, વેસુ વિસ્તારમાં પક્ષીને નાંખેલા ચણ વીણતી એક સ્ત્રીના ફોટા સાથે સમાચાર હતા, જે આપણા દેશની ભૂખમરાની યાદ અપાવતા હતા! આનાથી વધુ ગંભીર વીડિયો આફ્રિકાના સોમાલિયા દેશનો હતો, જ્યાં પશુના છાણમાંથી દાણા વીણી પેટ ભરતાં માણસોનો હતો!! કોઈ પણ સંવેદનશીલ વ્યક્તિને હચમચાવી દે તેવી આ ઘટનાઓ છે.

પ્રસ્તુત લેખનું નિમિત્ત આવી જ ઘટનાઓ પર આધારિત છે. શરૂઆત વર્ષઃ 2024 થી કરીએ. વર્ષઃ 2024માં 'વર્લ્ડ હંગર ઈન્ડેક્સ' પ્રસિદ્ધ થયો. આ પ્રકારના ઈન્ડેક્સ, ભૂખમરા અને અપૂરતા પોષણને કારણે મૃત્યુ પામતી જનસંખ્યાના આંકડાઓને આધારે તૈયાર કરવામાં આવે છે અને તેના ગુણાંકન માપદંડ મુજબ વિશ્વના દેશો ક્યા ક્રમે આવે છે તે નક્કી કરવામાં આવે છે.

આ સર્વેને આધારે વિશ્વમાં કુલ 127 દેશોમાં ભૂખમરાની સમસ્યા છે અને તેમાં ભારત 105મા ક્રમે છે અને તેને મળેલા ગુણાંક 27.3 છે જે 2000ની સાલમાં 38.4, 2008માં 35.2 અને 2016માં 29.3 હતા. હવે ઈન્ડેક્સમાં ઉપરના ક્રમે જવું હોય તો અસરકારક, જડબેસલાક હંગર મેનેજમેન્ટ આવશ્યક છે. હંગર મેનેજમેન્ટમાં આપણો પડોશી દેશ 'નેપાળ' 68મા ક્રમે અને પાકિસ્તાન 109મા ક્રમે છે.

વર્લ્ડ હંગર ઈન્ડેક્સના ગુણાંકને વિસ્તારથી સમજીએ. જો ગુણાંક 50 કરતાં વધુ હોય તો તેવા દેશની સ્થિતિ અત્યંત ચિંતાજનક ગણાય. જો ગુણાંક 35થી 50ની વચ્ચે હોય તો એ ચિંતાજનક ગણાય. જો ગુણાંક 20 થી 35ની વચ્ચે હોય તો, ગંભીર સ્થિતિ ગણાય. જો ગુણાંક 10થી 20ની વચ્ચે હોય તો તેને હળવી (મોડરેટ) સ્થિતિ ગણાય અને જો 10ની અંદર હોય તો રાહતરૂપ ગણાય.

આ હિસાબે ભારત ભૂખમરાની ગંભીર સ્થિતિ ધરાવતા દેશોમાં સ્થાન ધરાવે છે એમ કહી શકાય.

બીજી તરફ 'વર્લ્ડ ફુડ ઓર્ગેનાઈઝેશન'ના સર્વે મુજબ આ ધરતી પર ખેતી કરતાં ખેડૂતો એટલું અનાજ ઉગાડે છે જેટલી વિશ્વને આજે જરૂર છે. એટલે કે ઉત્પાદન પૂરતું છે. જે સમસ્યા છે તે પુરવઠાની છે. અનાજના સંગ્રહની છે અને અનાજના બગાડની છે. 16મી ઓક્ટોબરે 'વર્લ્ડ ફુડ ડે' ઉજવાયો, એ નિમિત્તે વાંચવા મળ્યું કે ભારત અન્નની બાબતે આત્મનિર્ભર છે. પરંતુ જે સમસ્યા છે એ પુરવઠાની જાળવણીની છે અને ગરીબીની છે. એક તો લોકો સુધી અન્ન પહોંચતું નથી અને પહોંચે છે તો લોકો પાસે તે ખરીદવા માટે પૈસા નથી. જે પૈસાદાર છે તે અન્નનો બગાડ કરે છે! આપણા દેશમાં, અમીરોનો એંઠવાડ એ ગરીબોનું ભોજન છે!

20- ઓક્ટોબર-2024ના રોજ પ્રસિદ્ધ સમાચાર અત્યંત દુઃખદ અને માનવમનને હચમચાવી દે તેવા છે, જેણે વિશ્વનું ધ્યાન દોર્યું છે. આફ્રિકાના ઝિમ્બાબ્વે સૌથી ભયાનક દુકાળનો સામનો કરી રહ્યો છે. અહીં ખોરાકી ચીજ વસ્તુઓની એટલી ભયંકર તંગી છે કે અહીંની સરકારે હાથીઓનો શિકાર કરીને લોકોને આ હાથીઓના માંસને ખોરાક તરીકે વહેંચવાના આદેશો જારી કર્યા છે. જે તસ્વીરો સામે આવી છે તેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે ગોળીઓથી વીંધાયેલો એક મહાકાય હાથી મરેલો પડ્યો છે અને તેની નજીક બે ભૂખ્યાં બાળકો ઊભાં છે જેઓ રાહ જોઈ રહ્યાં છે કે કસાઈઓ આ હાથીને ચીરીને તેના માંસના ટુકડાઓ કરે અને તે તેમને ભોજન તરીકે મળે! આ તસવીરો સોશ્યલ મીડિયા પર પણ વાઈરલ થઈ છે. જે તસવીરો સામે આવી છે તે, ઝિમ્બાબ્વેના 'શોલોત્સો' ગામની છે. સરકારના આદેશથી છેલ્લા એક મહિનામાં 200 જેટલાં હાથીઓનો પ્રોફેશનલ શિકારીઓએ શિકાર કર્યો છે. વિશ્વભરનાં પત્રકારો અને જાગૃત લેખકોએ આ ઘટનાની આકરી ટીકા કરી છે. એક બ્રિટિશ લેખિકાએ કટાક્ષમાં કહ્યું હતું કે, ભયંકર ગરીબ આફ્રિકનોએ હાથીઓને જીવતાં રાખીને પોતાનું બલિદાન આપી દેવું જોઈએ.

ખેર! AIના યુગમાં જીવતું વિશ્વ આજે મંગળ ગ્રહ પર જવાની તૈયારી કરી રહ્યું છે અને એલન મસ્કે, રિ યુઝેબલ બ્રુસ્ટર બનાવ્યું છે તેવા યુગની આ બીજી નરવી વાસ્તવિક ઘટના છે! પ્રશ્ન એ પણ થાય કે શું સાચે જ આપણે પ્રગતિના પંથે છીએ? શું સાચે જ આપણે વિશ્વગુરુ છીએ? ઘર આંગણાની વાસ્તવિક પરિસ્થિતિ કંઈક જુદી નથી શું? શું એક માત્ર સ્ત્રી શહેરમાં પક્ષીને નાંખેલા ચણ વીણતી હશે? ચૂસાઈ ગયેલા કેરીના ગોટલાને ફરી વાંરવાર ચૂસતાં બાળમજૂરો નથી શું? સૂકાઈ ગયેલા માતાના સ્તનને વારંવાર ચૂસતા અને નિષ્ફળ નિવડતાં સંતાનો નથી? કરીશું શું? કોઈ ઉપાય ખરો? કોઈ ચિંતન ખરું?

સ્વાર્થ અને શોષણના પાયા પર રચાયેલા આપણા સમાજે હવે સમજદારીપૂર્વક, સહાનુભૂતિપૂર્વક વર્તવું પડશે, સર્વગ્રાહી ડહાપણ વિકસાવવું પડશે. જીવો અને જીવવા દો. સૌના હિતમાં મારું હિત. સૌના કલ્યાણમાં મારું કલ્યાણ.' આવાં સૂત્રો ચરિતાર્થ કરી, પરસ્પર પરાવલંબન અને સહજીવનની સુગંધથી જીવવાનું શીખવું પડશે. થોડા દયાવાન, કરુણાવાન નહિ બનીશું તો હાથીના માંસના ટુકડા પણ હાથમાં નહિ આવે એવા દિવસો આપણી રાહ જોતાં હશે.

આપણા દેશમાં કરુણાવાન લોકો ભૂખ્યાંને ભોજન આપે છે તેની નોંધ લઈ સરાહના જરૂર કરીએ. પરંતુ તેથી વિશેષ અન્નના પુરવઠાને સાચવીએ. અન્નનો બગાડ અટકાવીએ. જરૂર ન હોય તો મફતનું ભોજન નહિ આરોગીએ. તે જરૂરિયાતમંદ માટે રહેવા દઈએ. બૂફે ડિશને એંઠી ન છાંડીએ. અન્નનો દાણો દાણો કિંમતી છે તેવો ભાવ જગાડી ભૂખમરાને અટકાવવા યથાશક્તિ યોગદાન પ્રદાન કરીએ.

બધું જ સરકાર કરશે એની રાહ જોવાને બદલે શુભસ્ય શીઘ્રમ્ કરીએ. દેશ મહાસત્તા બને કે વિશ્વગુરુ બને તેનાં સપનાં જોવાં સારી બાબત છે પરંતુ ગ્રાઉન્ડ રિયાલીટીને નજરઅંદાજ નહિ કરી શકાય. આજે આપણે જે સમયમાંથી પસાર થઈ રહ્યાં છીએ તે જોતાં આવા સમયમાં કામ લાગે તેવી બાબત, પોતીકી સમજણ, પોતીકું ડહાપણ. આપણો નિજી અનુભવ અને નાનો પણ મક્કમ નિર્ધાર, જે હંમેશા સત્યની તરફદારી કરતો હોય અને રાષ્ટ્રપ્રેમ દેશદાઝ અને નિઃસ્વાર્થ સમાજસેવાથી તરબોળ હોય!

આપણે સૌ વ્યક્તિવાદી રાજકારણમાંથી, નીતિવાદી અને મૂલ્યવાદી રાજકારણની દિશામાં સભાનતાથી જાગૃત થઈશું તો ભૂખમરા જેવી વૈશ્વિક સમસ્યા પર થોડે ઘણે અંશે નિયંત્રણ લાવી શકીશું.

હાલ જે રીતે પ્રાકૃતિક અને વૈશ્વિક ઘટનાઓ આકાર લઈ રહી છે તે જોતાં જીવનની સ્થિરતા અને શુકુન ડામાડોળ જણાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## દારૂબંધીમાંથી મુક્તિ મેળવીએ

ગુજરાતમાં દારૂબંધી તેના સ્થાપનાકાળથી અમલમાં છે, પરંતુ આજે તેની અસરકારકતા સામે અનેક સવાલો ઊભા થયા છે. દારૂબંધી નામની જ રહી ગઈ હોવાથી ખુલ્લેઆમ કે ચોરીછૂપીથી દારૂ વેચાતો હોવાની ફરિયાદો સતત થતી રહે છે. દારૂબંધીના અમલથી સરકારને આબકારી જકાતની આવક ગુમાવવી પડે છે અને તેની દેખરેખ તથા અમલ માટે મોટો ખર્ચ પણ કરવો પડે છે. દારૂબંધી હોવા છતાં દારૂનું સેવન અટકતું નથી અને તેના કારણે ભ્રષ્ટાચારને પણ પ્રોત્સાહન મળતું હોવાની દલીલ થાય છે. નશો મેળવવા માટે લોકો અન્ય ઘાતક પદાર્થો તરફ વળે છે, જેના ગંભીર પરિણામો આવે છે. દરોડા અને કડક કાર્યવાહી દરમિયાન પોલીસ અને દારૂના ધંધાર્થીઓ વચ્ચે ઘર્ષણ પણ સર્જાય છે. લઠ્ઠાકાંડ જેવી કરુણ ઘટનાઓમાં નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે. બીજી તરફ, દારૂબંધીથી ખરેખર કેટલો લાભ થયો છે તે અંગે પણ પુનર્વિચાર જરૂરી છે. દારૂ પીવો કે નહીં તે વ્યક્તિગત પસંદગીનો વિષય છે, પરંતુ નશામુક્તિ માટે સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા ચાલતા અભિયાનો સારા પરિણામો આપી રહ્યા છે. તેથી સરકારે દારૂબંધીની વર્તમાન વ્યવસ્થાનું નિષ્પક્ષ મૂલ્યાંકન કરી, તેના ફાયદા-નુકસાનનો વિચાર કરીને યોગ્ય નિર્ણય લેવો જોઈએ. કડક કાયદા હોવા છતાં અમલ વ્યવહારુ રીતે શક્ય ન હોય તો કાગળ પરની દારૂબંધીનો કોઈ અર્થ રહેતો નથી. સમાજમાં જાગૃતિ, સારવાર અને પુનર્વસનને પ્રાધાન્ય આપવું જોઈએ.

નવસારી -હિતેન્દ્ર ટેલર

## શૈશવાવસ્થાની સ્મૃતિઓનું મહત્ત્વ સમજીએ

ગુજરાતમિત્રની રવિવારીય પૂર્તિમાં શ્રી દિનેશ પંચાલની ટ્યૂશનની બદી અંગેની કોલમ વાંચી. તેમાં આજની શિક્ષણવ્યવસ્થાની એક ગંભીર સમસ્યા પર સચોટ પ્રકાશ પાડવામાં આવ્યો છે. ત્રણ-ચાર વર્ષનું બાળક નર્સરી કે જુનિયર કેજીમાં પ્રવેશે ત્યારથી જ ટ્યૂશનનો વધારાનો બોજ તેના માથે નાખવામાં આવે છે. શિક્ષણ માત્ર ધંધો નથી; સમાજઘડતર અને રાષ્ટ્રનિર્માણનું પવિત્ર કાર્ય છે. ટ્યૂશન ક્લાસીસનો વધતો વ્યાપ શાળા અને વર્ગખંડની શૈક્ષણિક પ્રક્રિયા સામે પણ પ્રશ્ન ઊભો કરે છે. વાલીઓની વધતી અપેક્ષાઓને કારણે વિવિધ પ્રકારના ક્લાસીસ બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળ્યા છે. હરીફાઈના યુગમાં બાળક પાછળ ન રહી જાય એવા ભયથી માતા-પિતા તેને શાળા, ટ્યૂશન અને વિવિધ પ્રવૃત્તિઓમાં આખો દિવસ વ્યસ્ત રાખે છે. બાળકના રમવા, મોજ કરવા અને પોતાની રીતે વિકસવાના સમયનું શું? સતત દબાણથી તેનો વિકાસ થવાને બદલે શિક્ષણ પ્રત્યે અણગમો પેદા થઈ શકે છે અને તેની સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ તથા આનંદ પણ ધીમે ધીમે ઘટી શકે છે.

ઘર બાળકની પ્રથમ શાળા છે. પ્રેમ, લાગણી, હૂંફ, મૂલ્યો, સંસ્કાર અને શિસ્ત તેને પરિવારમાંથી મળે છે. તેથી માતા-પિતાએ ઘેટાંના ટોળાની જેમ દોડવાને બદલે બાળમનોવિજ્ઞાન સમજવું જોઈએ. બાળકને સમય આપવો અને તેની પસંદ-નાપસંદનો આદર કરવો જરૂરી છે. બાળક આપણું છે, પરંતુ ગમો-અણગમો તેનો છે. તેનું બાળપણ છીનવવાનો અધિકાર કોઈને નથી. આપણે આ વાત ગંભીરતાથી સમજવી પડશે.

સુરત -અરુણ પંડ્યા

## 2026 નું મહાભારત

દેશ અને એનાં રાજ્યો ખૂબ જ મોટા સંકટનો સામનો કરી રહેલાં છે. આ સમાચાર સુજ્ઞ નાગરિકોને ક્ષુબ્ધ કરે એ હકીકત છે. દેશની તમામ વસ્તીને ઓછી વત્તી ખબર છે. કૃષ્ણના મહાભારમાંથી આપણે શીખવાનું છે.આજે ફરી મહાભારત..2026 ,શરૂ થયાને 2 વરસ થવા જાય. એક ખાતરી કૃષ્ણના વચનમાં તે. જ્યાં સત્ય અને ધરમ ત્યાં જીત.રાષ્ટ્ર મુદ્રા,સત્યમેવ જયતે. વરસ 2023 માં ચૂંટણી કાયદાઓમાં ફેરફાર..મુ. ચું.કમિ. ને અમર્યાદ સત્તાઓ આપી.એક શકુનિ બનાવ્યો..હવે દુર્યોધન, દુઃશાસન,મોટા મહિપતિઓ અને રાજાઓ એઠું ખાવાવાળા ચૂપ..ખૂબી એ કે વિરોધપક્ષમાં છૂપા રુસ્તમ તે કામ બગડે. આ વ્યવસ્થિત ગોઠવેલું એક મોડેલ આયાત કરેલું. દેશની નામી સંસ્થાઓ નિષ્ક્રિય કરી દે તેમ બીજી ગોઠવણ. Gen.z નો આભાર.. પણ 2024 jan. થી તેઓનાં નામ મતદાતા સૂચિમાં આવતાં જ નથી.બધું દિલ્હી centralise કરી દીધું. શું કરશો..તેઓ માગે 2002 નો માતા પિતા,ભાઈ બેન આધાર...દમ નીકળે.. હવે મહાભારત..2026 ની ચેતવણી...1947 પહેલાં ગુલામ તેવી સ્થિતિ પછી લાવે.જો આપણે ઊંઘતા રહીએ..સંત વિનોબા કહેતા,2+2 બરાબર 4 પણ લોકશાહીમાં 49 સામે 52 કહે 5 તો.....

નવસારી -મનુ પટેલ

## પોલીસ અને અન્ય સંસ્થાઓની પ્રશંસનીય કામગીરી

ભૌગોલિક રીતે ગીચતા ધરાવતા સુરત શહેરમાં આજે લગભગ ૭૫ હજાર ઉપરાંત મૂર્તિઓનું વિસર્જન થશે એવું જાણ્યા પછી પ્રતિ વર્ષનું દશ્ય આંખ સામે તાદશ થતાં જ ફરી એ જ રસ્તા બંધ, ગભરાટ થાય એવી ભીડ,અરાજકતાનો દિવસ હશે એમ કરી કેટલાંક કામ માટે બહાર નીકળ્યો.

મારા આશ્ચર્ય વચ્ચે દરેક રસ્તા દરરોજથી પણ ઓછા ટ્રાફિક વાળા,કોઈ કાન ફાડી નાખે એવા ડી.જે.ન અવાજ નહીં,ક્વચિત્ જ નજરે પડતાં પેકિંગના રેપર સિવાય ચોખ્ખા રસ્તા.

હું માનું છું કે આવો જ અનુભવ અન્ય નાગરિકોને પણ થયો હશે. પો. કમિશનરશ્રી અને એમની ટીમની જેટલી વાહવાહી કરીએ એટલી ઓછી છે તથા સર્વધર્મનાં નાગરિકો વચ્ચે ગજબના મનમેળને પણ અભિનંદન.આવું જ સંકલન આવતા અનેક તહેવારો કે મેળાવડા દરમિયાન હોય એવી શુભકામના. ભૌગોલિક રીતે ગીચતા ધરાવતા સુરત શહેરમાં આજે લગભગ ૭૫ હજાર ઉપરાંત મૂર્તિઓનું વિસર્જન થશે એવું જાણ્યા પછી પ્રતિ વર્ષનું દશ્ય આંખ સામે તાદશ થતાં જ ફરી એ જ રસ્તા બંધ, ગભરાટ થાય એવી ભીડ,અરાજકતાનો દિવસ હશે એમ કરી કેટલાંક કામ માટે બહાર નીકળ્યો. મારા આશ્ચર્ય વચ્ચે દરેક રસ્તા દરરોજથી પણ ઓછા ટ્રાફિક વાળા,કોઈ કાન ફાડી નાખે એવા ડી.જે.ન અવાજ નહીં,ક્વચિત્ જ નજરે પડતાં પેકિંગના રેપર સિવાય ચોખ્ખા રસ્તા. હું માનું છું કે આવો જ અનુભવ અન્ય નાગરિકોને પણ થયો હશે.

પો. કમિશનરશ્રી અને એમની ટીમની જેટલી વાહવાહી કરીએ એટલી ઓછી છે તથા સર્વધર્મનાં નાગરિકો વચ્ચે ગજબના મનમેળને પણ અભિનંદન. આવું જ સંકલન આવતા અનેક તહેવારો કે મેળાવડા દરમિયાન હોય એવી શુભકામના.

સુરત - ભૂપેન્દ્ર રાયજી

## ફિલ્મ સર્જક - યશ ચોપરા

બોલિવૂડના મોખરાના નિર્માતા - નિર્દેશક,6 નેશનલ એવોર્ડ, 8 ફિલ્મફેર એવોર્ડ વિજેતા, દાદા સાહેબ ફાળકે અને પદ્મભૂષણ એવોર્ડ મેળવનાર, 2006નો બાફ્ટા એવોર્ડ અને આજીવન સદસ્યતા મેળવનાર પ્રથમ ભારતીય, પહેલી મલ્ટીસ્ટાર ફિલ્મ વક્તના નિર્દેશક, જેમા કોઈ ગીત કે ઈન્ટરવલ ન હોય એવી પહેલી ફિલ્મ ઈત્તેફાક બનાવનાર યશ ચોપરાનો જન્મ 27/9/1932ના રોજ બહોળા પરિવારમાં થયો હતો. ગ્રેજ્યુએશન પૂરુ કરી ફિલ્મ લાઈનમાં કેરિયર બનાવવા મુંબઈ આવ્યા પછી આઈ.એસ. જોહરના સહાયક બન્યા. એ પછી ભાઈ બી.આર.ચોપરાના સહાયક બન્યા. થોડા સમય પછી સફળ ફિલ્મ ધૂલ કા ફૂલ બનાવી. નેશનલ એવોર્ડ જીતનાર, શશી કપૂરને પહેલો મેજર બ્રેક આપનાર, વિભાજનની વાર્તા પર આધારિત પહેલી ફિલ્મ ધરમપુત્ર બનાવી.તેમની સફળ ફિલ્મોની યાદી : - દાગ, દીવાર, ત્રિશુલ, કભી કભી, સિલસિલા, મશાલ, ચાંદની, લમ્હે , ડર, ( શાહરૂખને પહેલી મોટી સફળતા ),દિલ તો પાગલ હૈ ( 7 ફિલ્મફેર અને 3 નેશનલ એવોર્ડ ) વીરઝારા અને જબ તક હૈ જાન. ડેન્ગ્યુથી અવસાન 21/10/2012ના રોજ 80 વર્ષની ઉંમરે થયુ હતુ. મારધાડની ફિલ્મો દરમ્યાન સ્વચ્છ પ્રેમકથાનકની ફિલ્મો તેમની વિશેષતા હતી.

સુરત -સુરેન્દ્ર દલાલ